Publication: Navgujarat Samay| Edition: Ahmedabad
Date: February 03, 2023| Page No: 07|NDDB
Headline: Kept importance of dairy sector in focus: NDDB



## ડેરી ક્ષેત્રના મહત્ત્વને ધ્યાનમાં રખાયું: એનડીડીબી

# બજેટીય ફાળવણીમાં ડેરી ઉદ્યોગ માટે 40 ટકાનો વધારો આવકારદાયક

**નવગુજરાત સમય > આણંદ**

એનડીડીબીના ચેરમેન મીનેશ શાહે પશુપાલન, ડેરીઉદ્યોગ અને મત્સ્યપાલન પર ફોકસની સાથે રૂ. 20 લાખ કરોડના કૃષિ ધીરાણનો લક્ષ્યાંક નિર્ધારિત કરવાના સરકારના ઐતિહાસિક પગલાંને આવકાર્યું હતું. અમૃતકાળનું પ્રથમ બજેટ સહકારી આધારિત આર્થિક વિકાસના મોડલ મારફતે પશુધન અને ડેરી ક્ષેત્રના વિકાસને વેગવંતો બનાવવાની સરકારની કટિબદ્ધતાનો પુરાવો છે. ગત વર્ષની સરખામણીએ પશુપાલન અને ડેરીઉદ્યોગ માટેની બજેટીય ફાળવણીમાં લગભગ 40 ટકાનો વધારો કરીને રૂ. 4327.8 કરોડ કરવામાં આવી છે, જે રાષ્ટ્રીય અર્થતંત્રમાં આ ક્ષેત્રના મહત્ત્વને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલું એક આવકારદાયક પગલું છે.



એનડીડીબીના ચેરમેન મીનેશ શાહે જણાવ્યું કે, આગામી 5 વર્ષમાં આવરી લેવામાં ન આવી હોય તેવી પંચાયતો અને ગામોમાં ડેરી સહકારી મંડળીઓ સહિત બહુહેતુક સહકારી સોસાયટીઓની સ્થાપના થવાથી પશુપાલકોને માર્કેટ સુલભ બનાવવામાં, તેમના નફાને વધારવામાં અને આવી સહકારી મંડળીઓને સદ્ધર બનાવવામાં મદદરૂપ થશે. 200 કોમ્પ્રેસ્ડ બાયોગેસ (સીબીજી) પ્લાન્ટ્સ અને 300 કંમ્યુનિટી અને ક્લસ્ટર-આધારિત પ્લાન્ટ્સ સ્થાપવા માટે રૂ. 10,000 કરોડનું રોકાણ ક્લીન એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન આપશે, તેમણે 10,000 બાયો-ઈનપૂટ રીસોર્સ સેન્ટરોની સ્થાપના કરી એક કરોડ ખેડૂતોને કુદરતી ખેતી અપનાવવાની સુવિધા પૂરી પાડવાની પહેલને બિરદાવી હતી. તેનાથી રાષ્ટ્રીય સ્તરના સક્ષમ વિતરણ નેટવર્કની રચના થશે, જે સ્લરી-આધારિત બાયો ફર્ટિલાઈઝર્સના પ્રચાર-પ્રસાર અને માર્કેટિંગમાં એનડીડીબીની પહેલને આગળ વધારવામાં મદદરૂપ થશે. બજેટ 2023-2024માં ગ્રામ્ય અને સહકારી ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હોવાથી તે આપણા લાખો ખેડૂતો/પશુપાલકોના જીવનનો ઉદ્ધાર થાય તેની ખાતરી કરી ડેરીઉદ્યોગને આગળ લઈ જવામાં ઘણું મદદગાર સાબિત થશે.